For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ગરમીને લીધે સવારે મતદાન પર ભાર

**EVMમાં ખામી થાય તો તરત બદલીની વ્યવસ્થા**

સુરત : કાળઝાળ ગરમીની વચ્ચે રવિવારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. તાપમાન ૪૦થી ૪૧ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી વચ્ચે મતદારોને રાહત મળે તે માટે મતદાનનો સમય સવારે ૭થી સાંજે ૬ સુધી રાખવામાં આવ્યો છે. સવારે ૭ વાગ્યે તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં મોકપોલ યોજાશે, ત્યારબાદ નિયમિત

...અનુસંધાન પાના ૭ પર

### મતદાર યાદી મુદ્દો બનશે ચર્ચાનો વિષય

SIR બાદ યોજાતી આ પહેલી ચૂંટણીમાં મતદારયાદીમાંથી નામ કમી થવાની ફરિયાદો ઉઠવાની શક્યતા છે. ખાસ કરીને લિંબાયત, પાંડેસરા, સચિન, કડોદરા અને પલસાણા જેવા પરપ્રાંતીય વસ્તીવાળા વિસ્તારોમાં આ મુદ્દો વધુ ઉછળે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

### મતદાન ટકાવારી વધવાની આશા

૨૦૨૧ની પાલિકા ચૂંટણીમાં માત્ર ૪૭.૧૪ ટકા મતદાન નોંધાયું હતું. જોકે આ વખતે SIR બાદ મતદારોની સંખ્યા ઘટતા ટકાવારી ઊંચી રહેવાની શક્યતા છે. હાલ શહેર અને જિલ્લામાં કુલ મતદારોની સંખ્યા અંદાજે ૩૯.૩૯ લાખ છે.

### ચાર મત આપવાની પ્રણાલી મહત્વની

પાલિકાની ચૂંટણીમાં દરેક મતદારે ચાર મત આપવાના રહેશે. પસંદગીના ઉમેદવારોને મત આપ્યા બાદ "રજિસ્ટર" બટન દબાવવું ફરજિયાત રહેશે, નહીં તો મત નોંધાશે.

## સુરતમાં તાપમાન ૪૧.૨ ડિગ્રી પાર, હિટવેવની આગાહીથી ચિંતા

**બે દિવસ હિટવેવની સંભાવના; નાગરિકોને સાવચેતી રાખવા સૂચના**

સુરતઃ સુરત શહેરમાં ઉનાળાનો તાપ હવે આકરો બનતો જઈ રહ્યો છે. આજે શહેરમાં મહત્તમ તાપમાન ૧.૨ ડિગ્રીનો વધારો નોંધાવીને ૪૧.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું, જેના કારણે શહેરનું વાતાવરણ જાણે ભઠ્ઠી જેવું બની ગયું હતું.

તાપમાનમાં થયેલા આ વધારાને કારણે દિવસ દરમિયાન રસ્તાઓ પર અવરજવર ઘટતી જોવા મળી અને લોકો તડકાથી બચવા ઘરમાં જ રહેવાનું પસંદ કરતા રહ્યા. લઘુત્તમ તાપમાનમાં પણ વધારો નોંધાયો છે. ગત દિવસની સરખામણીએ અડધો ડિગ્રી વધીને તે ૨૬.૧ ડિગ્રી નોંધાયું હતું. હવામાં આશરે ૩૩ ટકા ભેજ અને મંદ ગતિએ ફૂંકાતા પવનને કારણે ગરમીનો અનુભવ વધુ તીવ્ર રહ્યો હતો. હવામાન વિભાગ દ્વારા આગામી અઠવાડિયામાં ખાસ કરીને બે દિવસ હિટવેવની સ્થિતિ સર્જાય તેવી આગાહી કરવામાં આવી છે. જેના કારણે તાપમાનમાં વધુ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગરમીના વધતા પ્રકોપને ધ્યાનમાં રાખીને તબીબો અને નિષ્ણાતો દ્વારા નાગરિકોને બપોરના સમયે અનાવશ્યક બહાર ન નીકળવા, પૂરતું પાણી પીતા રહેવા અને હળવા, ઢીલા કપડાં પહેરવાની સલાહ આપવામાં આવી છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને બીમાર લોકોને વધુ સાવચેતી રાખવા સૂચવવામાં આવ્યું છે. શહેરમાં ગરમીના કારણે પાણી અને ઠંડા પીણાંની માંગમાં પણ વધારો નોંધાયો છે. જો આગામી દિવસોમાં તાપમાન વધુ વધશે તો જનજીવન પર તેની અસર વધુ સ્પષ્ટ રીતે જોવા મળી શકે.

## સુરતમાં મતદાન માટે કડક આયોજન અને સુરક્ષા વ્યવસ્થા

**EVM વિતરણથી લઈને પોલિંગ સ્ટાફ તૈનાતી સુધી તમામ પ્રક્રિયા સમયસર પૂર્ણ, પારદર્શિતા પર ખાસ ભાર**

સુરતઃ સુરત જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ને ધ્યાનમાં રાખીને જિલ્લા ચૂંટણી તંત્રે માત્ર પ્રક્રિયાત્મક તૈયારી જ નહીં, પરંતુ સમગ્ર ચૂંટણીને સુવ્યવસ્થિત અને વિશ્વસનીય બનાવવા માટે કડક આયોજન અમલમાં મૂક્યું છે. ઉનાળાની તીવ્ર ગરમી વચ્ચે પણ ચૂંટણી કામગીરીમાં જોડાયેલા અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક પોતાની ફરજ નિભાવી, જે સમગ્ર આયોજનની મજબૂતી દર્શાવે છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ ચૂંટણી સામગ્રીના વિતરણની પ્રક્રિયા માત્ર એક રૂટિન કાર્યવાહી ન રહી, પરંતુ તેમાં પારદર્શિતા અને ચોકસાઈનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું. દરેક રિસિવીંગ અને ડિસ્પેચીંગ સેન્ટર પર ચૂંટણી કીટ આપતા પહેલા તેની બહુસ્તરીય ચકાસણી કરવામાં આવી હતી, જેથી મતદાનના દિવસે કોઈ પ્રકારની ખામી ન રહે. ચૂંટણી

...અનુસંધાન પાના ૭ પર

### પોલિંગ સ્ટાફ માટે વિશેષ માર્ગદર્શન

પોલિંગ સ્ટાફ માટે પણ આ વખતે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રિસાઇડિંગ અને પોલિંગ ઓફિસરોને માત્ર સામગ્રી સ્વીકારવાની પ્રક્રિયા જ નહીં, પરંતુ કોઈ અનિચ્છનીય પરિસ્થિતિ સર્જાય તો તેના નિરાકરણ માટેની માર્ગદર્શિકાઓ પણ સમજાવવામાં આવી હતી.

### કાયદો વ્યવસ્થા પર વિશેષ ધ્યાન રહેશે

સુરક્ષા દૃષ્ટિએ દરેક ડિસ્પેચીંગ સેન્ટર પર સઘન ચેકિંગ સાથે પોલીસ તંત્ર તૈનાત રાખવામાં આવ્યું હતું, જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. આ ઉપરાંત, ચૂંટણી પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે નિરીક્ષકો દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી.

**અલથાણમાં શુક્રવારે રાત્રે બનેલી ઘટનાના પ્રત્યાઘાત બીજા દિવસે પણ પડ્યા**

## સગીરાની છેડતીની ઘટનાના રિ-કન્સ્ટ્રક્શન વખતે ફરી તોફાન

**પાટીદાર સમાજમાં છેડતી કરનાર સામે ઉગ્ર રોષ, મહિલાઓએ બંગડીઓ બતાવી 'હાય હાય' ના નારા લગાડ્યા**

**મહિલાઓ અને પુરુષોએ છેડતી કરનાર મો. અઝીઝ પર ચપ્પલ અને પથ્થરમારો, મેથીપાક પણ ચખાડ્યો**

**લાઠીચાર્જ કરનાર જવાબદાર કર્મચારી અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવા માંગ**



(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ અલથાણ વિસ્તારમાં ટ્યુશન જતી પાટીદાર સમાજની બે કિશોરીની છેડતી કરનાર ૪૦ વર્ષીય વિધર્મીનો મામલો આજે પણ ગરમાયો હતો. પોલીસે ફેશન ડિઝાઇનર આરોપીની ગઇકાલે ધરપકડ કર્યા બાદ આજે કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આરોપીને આજે રિકન્સ્ટ્રક્શન માટે ઘટના સ્થળે લઈ જતા પાટીદાર સમાજ ખૂબ રોષે ભરાયો હતો. પાટીદાર સમાજની મહિલાઓએ પોલીસને બંગડી બતાવી 'હાય હાય'ના નારા લગાવ્યા હતા. સાથે સાથે આરોપી અને પોલીસ પર પથ્થર અને ચંપલ માર્યા હતા. બે કલાકની જહેમદ બાદ પોલીસ આરોપીનું રિકન્સ્ટ્રક્શન કરી શકી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તારીખ ૨૪/૦૪/૨૦૨૬ના રોજ રાત્રે આશરે આઠેક વાગ્યાના અરસામાં ૧૪ વર્ષીય બે સગીરાઓ ટ્યુશન ક્લાસીસમાં ગઈ હતી. આ દરમિયાન બારડોલીની અક્સાનગર મદ્રેસા પાસે રહેતા મોહંમદ અઝીઝ ઇમ્તીયાઝ શેખ નામના શખ્સે પાટીદાર સમાજની બંને સગીરાઓનો પીછો કર્યો હતો. તેણે એક સગીરાનો હાથ પકડી લીધો હતો અને બંને કિશોરીઓ સામે આંખથી બિભત્સ ઈશારા કર્યા હતા. ભોગ બનનાર સગીરાઓએ

...અનુસંધાન પાના ૭ પર

### પાટીદારો પર લાઠી વરસાવનાર બાહોશ પોલીસને ખબર જ નથી કે આરોપી સુરત શા માટે આવ્યો હતો??

પોલીસ આરોપી બારડોલીથી અલથાણ કેમ આવ્યો હતો અને તેની સાથે અન્ય કોણ મળેલું છે તે પણ જાણી શકી નથી. પોલીસને રસ માત્ર પ્રજા પર લાઠી વરસાવવામાં જ છે. 18-18 કલાકથી સુરતની બાહોશ પોલીસ એ જાણી શકી નથી કે આરોપી સુરત શા માટે આવ્યો? આરોપીએ અગાઉ અન્ય કોઈ યુવતીઓ સાથે પણ આ પ્રકારની છેડતી કરી છે કે કેમ તેની તપાસ આદરી છે.


# ખરીદનાર સાવધાન

## મોજે ગામ ઘલુડીના બ્લોક/ સર્વે નં. ૯૩ વાળી જમીનમાં આયોજીત ''તુલસી વન'' નામના પ્રોજેક્ટ અંગે જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ કામરેજના મોજે ગામ ઘલુડીના જુનો બ્લોક/સર્વે નં.૭૧, જેનો નવો બ્લોક/સર્વે નં. ૯૩ જેનું ક્ષેત્રફળ હે.આરે.૨-૯૩-૮૪ ચો.મી. વાળી બીનખેતીની જમીનના માલિક કબજેદાર તરીકે **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી** નાઓ ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહુ જમીન હમારા અસીલને વેચાણથી આપી તા. ૧૫/૦૩/૨૦૨૩ ના રોજ કબજા સહિતનો વેચાણ સાટાખત તથા પાવર ઓફ એટર્ની યાને કુલમુખત્યારનામુ નોટરી એડવોકેટશ્રી જીજ્ઞાસા સી. માલવીયાનાઓ રૂબરૂ હાજર રહી તેઓના રજીસ્ટર્ડમાં અનુક્રમ નં. ૩૦૮૬ તથા ૩૦૮૭ થી તા. ૧૫/૦૩/૨૦૨૩ ના રોજ નોંધણી કરી આપેલ છે. સદર સાટાખતમાં નક્કી કરેલ વેચાણ અવેજની રકમ પેટે હમારા અસીલે ઘણી મોટી રકમ **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણીને** ચુકવી આપેલ છે. જે રકમ **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણીને** મળી ગયેલ છે, તેઓએ સ્વીકારેલ છે જે અંગે કબજા સહિતના વેચાણ સાટાખતમાં કબુલાત આપેલ છે. સદરહુ સાટાખત કે પાવર ઓફ એટર્ની આજદિન સુધી કોઈ કોર્ટે રદબાતલ કરેલ નથી અને આજે પણ અમલમાં છે.

સદરહુ જમીન અંગે **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણીએ** હમારા અસીલને કાયદેસરના લખાણો કરી આપી હમારા અસીલ પાસેથી વેચાણ અવેજ પેટે ઘણી મોટી રકમ સ્વીકારેલ હોવાની હકીકત જાણવા હોવા છતા હમારા અસીલનો હક્ક, હિસ્સો ડુબાડવાના બદઈરાદે હમારા અસીલની જાણ બહાર સદરહુ જમીન **નરેશભાઈ હરીભાઈ બાબરીયાને** ગેરકાયદેસર રીતે તબદીલ કરી હમારા અસીલ સાથે ગુનાહિત વિશ્વાસઘાત, છેતરપીંડી તેમજ ઠગાઈ કરેલ છે જેથી હમારા અસીલે **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી તથા નરેશભાઈ હરીભાઈ બાબરીયા** નાઓ વિરૂધ્ધ સાટાખતના વિશેષ અમલ માટે તેમજ વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તેમજ જાહેરાત તથા જાથુકની મનાઈ હુકમ મેળવવા અંગે **મહે.કઠોરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દી.મુ.નં. ૩૫/૨૦૨૫ થી દાવો કરેલ છે. જે દાવો હાલ પેન્ડીંગ છે, મેટર સબજ્યુડીશ છે.** હાલમાં હમારા અસીલને જાણવા મળેલ છે કે સદર તકરારી જમીનમાં **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી તથા નરેશભાઈ હરીભાઈ બાબરીયા** નાઓએ **''તુલસી વન ''** ના નામથી રેસીડેન્સીયલ પ્રોજેકટનું આયોજન કરેલ છે અને પ્રોજેકટને લગતા બોર્ડ, બેનરો તથા બ્રોશર માર્કેટમાં ફેરવી સદર મિલકતના ટાઈટલ પણ કલીયર ન હોવા છતા જાહેર જનતાને ગુમરાહ કરી વેચાણ કરવા ફરી રહ્યા છે.

**વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી તથા નરેશભાઈ હરીભાઈ બાબરીયા** સદર જમીન ઉપર **''તુલસી વન ''** ના નામથી હાઈરાઈઝ બિલ્ડીંગનું આયોજન કરી નાના તેમજ મધ્યમવર્ગના લોકોને છેતરી ફલેટોના બુકીંગના નામે કરોડો રૂપિયા પચાવી પાડી ફલેટોનું વેચાણ કરવા ફરી રહ્યા હોય **જેથી જાહેર જનતાને આ નોટીસ થકી જણાવવાનું કે,** ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ કામરેજના મોજે ગામ ઘલુડીના જુનો બ્લોક/સર્વે નં. ૭૧, જેનો નવો બ્લોક/સર્વે નં. ૯૩ વાળી જમીનમાં **''તુલસી વન''** વાળા પ્રોજેકટના ટાઈટલ કલીયર ન હોય જેથી **''તુલસી વન''** વાળા પ્રોજેકટ સંબંધે **વિઠ્ઠલભાઈ જીવરાજભાઈ માયાણી તથા નરેશભાઈ હરીભાઈ બાબરીયા** નાઓ કે તેઓના એજન્ટ પાસેથી કોઈપણ વ્યકિતએ ફલેટ/દુકાનો બુકિંગ કરવા નહિ કે કોઈપણ બેન્ક કે સંસ્થાએ લોન આપવી નહીં કે કોઈપણ જાતના નાણાંકીય વ્યવહાર કરવો નહીં કે કોઈપણ વ્યકિતએ દસ્તાવેજ કે લખાણો કરવા કરાવવા નહીં અને જો કરશે કરાવશે તો તેને કોઈ હક્ક કે અધિકાર પ્રાપ્ત થશે નહીં બલ્કે નાણાં ગુમાવવા પડશે અને કોર્ટ પ્રકરણોમાં સંડોવાવું પડશે અને વ્યવહાર કરનાર- કરાવનાર વિરૂધ્ધ કાયદેસરની કાનુની કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની ગંભીર નોંધ લેવી.

**ઓફિસઃ** એ/૫૦૪, તીરૂપતી પ્લાઝા,જુની બહુમાળીની બાજુમાં, અઠવાગેટ, સુરત. મો. ૮૫૩૦૦૬૮૨૯૯

**મુકેશ એસ. પટેલ, સંજય આર. પટેલ** તથા **નચલ એમ. પાંડવ**
તે ડાયાભાઈ લક્ષ્મણભાઈ ચોવટીયા
ના એડવોકેટસ

મારી સુચનાથી
સહી/- **ડાયાભાઈ લક્ષ્મણભાઈ ચોવટીયા**






**અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

**અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો**

**M.81539 99901**

ગુજરાતમિત્ર


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ**



સ્વ. સુનિલકુમાર કાશીરામ ગીત્તુવાલા
સ્વ.તા.૨૬/૦૪/૨૦૨૫

સિધ્ધાંત જેમનું જીવન હતું, સંસ્કાર જેમનું સિંચન હતું, પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શકિત હતી, પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું, પરમાર્થ જેમની ભકિત હતી, એવા પુણ્ય આત્માને સદાય અમારા કોટિ કોટિ વંદન.

લિ. ગં.સ્વ. હંસાબેન સુનીલકુમાર ગીત્તુવાલા
ડેનીશ સુનીલકુમાર ગીત્તુવાલા
છાયા દિપકકુમાર સુતરીઆ - દીપકકુમાર સુતરીઆ
હેતલ નિકુંજ ચીમના - નિકુંજ ચીમના
હિરલ હિમાંશુ ગજ્જર - હિમાંશુ ગજ્જર
નિયતિ - નિત્ય - ક્રિષ્ના - સાન્વી
તથા સમસ્ત ગીત્તુવાલા પરિવાર

**પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



**સ્વ. ભારતીબેન**
સતીશભાઇ પટેલ
સ્વ. તા. ૨૬-૦૪-૨૦૨૫
શનિવાર (ઉ.વર્ષ ૫૧)

આપ ચંદન જેવું જીવન જીવીને શીતળતા સૌને આપી સૌરભ બની પ્રસરી ગયા. જીવન જીવ્યા ખુમારીથી સુખ દુખમાં સૌને જીવતા શીખવાડી ગયા. આપની પરોપકારી વૃત્તિની સુવાસ સદા મહેકતી રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્મા ને શાંતિ આપે એવી અંત:કરણની પ્રાર્થના

લિ.
સતીશભાઈ એન. પટેલ.
સાગર એસ પટેલ.
નિશીતા એસ પટેલ તથા પટેલ પરિવાર.

સ્થળ : એ/૩૮, રાધેક્રિષ્ના પાર્ક સોસાયટી, ગાર્ડન વ્યુ એપાર્ટમેન્ટ પાસે, ઉગત રોડ, જહાંગીરાબાદ, ભેંસાણ, રાંદેર, સુરત.